ENLIGHTEN
THROUGH
EDUCATION

**SHREE NARAYANA GURU VIDYALAYA**

GUJARATI MEDIUM

Secondary & Higher Secondary Section

**REPORT FOR SESSION – 2023-24**



શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ –ગુજરાતી માધ્યમ

Activity Report -2023-24 (June to April)

## 'વિશ્વ યોગ દિન' નિમિત્તે'ચિત્ર હરીફાઈ' અને 'નિબંધ સ્પર્ધા (19/6/23)




શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં તારીખ 21 જૂન 'વિશ્વ યોગ દિન' નિમિત્તે શાળામાં જિલ્લા શિક્ષણ અધિકારીની સુચના અનુસાર 'ચિત્ર હરીફાઈ' અને 'નિબંધ સ્પર્ધાનું' આયોજન કરવામાં આવ્યું હતું.19/6/23 સોમવાર નાં રોજ આ સ્પર્ધામાં ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ચિત્ર સ્પર્ધામા સાત વિદ્યાર્થીઓએ ભાગ લીધો, અને નિબંધ સ્પર્ધામાં અગિયાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના અંતે મૂલ્યાંકન દ્વારા વિજેતાઓ નક્કી કરવામાં આવ્યા હતા.

આજ ની સ્પર્ધાના વિજેતા વિધાર્થીઓના નામ: ચિત્ર સ્પર્ધા

પ્રથમ - ચેષ્ટા અશોકભાઈ વાળા 9-B દ્વિતીય - પ્રજાપતિ કરણ રાકેશભાઈ 9-B

તૃતીય - રાઠોડ ટીના ભાવેશભાઈ 9-B

નિબંધ સ્પર્ધા

પ્રથમ -પ્રજાપતિ આંચલ રાકેશભાઈ 9-A દ્વિતીય - રબારી માહી દિનેશકુમાર 10-B

તૃતીય - ભૂત દિશા વિજયભાઈ 9-A

## 'વિશ્વ યોગ દિન' ની ઉજવણી (21/6/23)




આજે 21- 6 -2023 નાં રોજ આંતરરાષ્ટ્રીય યોગા દિવસ ની શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ ગુજરાતી માધ્યમની અંદર બહુ જ સુંદર રીતે ઉજવણી કરવામાં આવી હતી.

ધોરણ 9 ના વિદ્યાર્થીઓ દ્વારા વ્યાયામ શિક્ષક શ્રી રાકેશભાઈ ભરવાડ ની સૂચના અનુસાર બિલ્ડીંગના પરિસરમાં સવારે આઠ વાગે વિદ્યાર્થીઓને એકત્રિત કરવામાં આવ્યા હતા. જેઓ યોગા કરી શકે તેવા ગણવેશમાં, એક્સરસાઇઝ મેટ સાથે હાજર હતા. શિવાનંદ આશ્રમમાંથી પણ યોગ સાથે સંકળાયેલ વ્યક્તિઓની ટીમ અને સ્વામીજી પરમાત્માનંદ સરસ્વતીજી ઉપસ્થિત રહ્યા હતા. જેમની સુચના અને સહકાર દ્વારા વિદ્યાર્થીઓએ સુંદર મજાના યોગ અને પ્રાણાયામ કરી દિવસની ઉજવણી કરી હતી. ધોરણ 11 ના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ અને કોલેજના વિદ્યાર્થીઓ પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

## 'હાઉસ કેપ્ટન ની પસંદગી'(30/6/23)




વિદ્યાર્થીઓમાં નેતૃત્વ કૌશલ્યના વિકાસના આશયથી શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ ના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓને હાઉસમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. જેમાં લાયન, ટાઈગર, પેન્થર અને ચિતા એમ ચાર હાઉસ હતા. ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓમાંથી હાઉસ કેપ્ટન અને વાઈસ કેપ્ટનની પસંદગી આજે કરવામાં આવી, તેમજ તે હાઉસના વિવિધ ઇન્ચાર્જ શિક્ષકો પણ નક્કી કરવામાં આવ્યા હતા.

## 'ધોરણ 10,11,12 ની વાલી મિટિંગ'(01/7/23)




શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં બાળકના સમગ્ર સ્વરૂપના વિકાસ માટે શિક્ષણ લક્ષી પ્રક્રિયાના અનુસંધાને વાલી મિટિંગનું(P. T. M) આયોજન આજે કરવામાં આવ્યું હતું. ધોરણ10,11,12 માં નક્કી કરેલા સમયે નક્કી કરેલા રોલ નંબર મુજબ વાલી શ્રી સાથે પૂરા ગણવેશમાં વિદ્યાર્થીઓ આવ્યા હતા. ધોરણ 10 અને 12 માં બોર્ડની પરીક્ષાના અનુસંધાને જરૂરી સૂચનો વિદ્યાર્થીઓ અને વાલીને આપવામાં આવ્યા. વિશિષ્ટ માહિતીની રજૂઆત કરવામાં આવી હતી. વિષય શિક્ષકો દ્વારા વાલીશ્રીને જરૂરી પરીક્ષાલક્ષી તૈયારીની માહિતી આપવામાં આવી હતી. "શ્રેષ્ઠ પરિણામ એજ અમારો ધ્યેય" એ અનુસંધાને સમગ્ર પ્રક્રિયા કરવામાં આવી હતી. સ્માર્ટબોર્ડનો ઉપયોગ કરી શિક્ષકશ્રી પોતાની વિગતો વિદ્યાર્થીઓને વાલી સમક્ષ પહોંચાડી હતી.

## 'ગુરુ પૂર્ણિમા ની ઉજવણી'(03/7/23)




શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી સુંદર રીતે કરવામાં આવી હતી. ગુરુદેવની મૂર્તિ સમક્ષ ગુરુ બ્રહ્મા પ્રાર્થના બાદ ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમા સંબંધિત પોતાના વિચારો ટૂંકા વક્તવ્ય દ્વારા રજૂ કર્યા હતા. પ્રિન્સિપાલશ્રી અને શિક્ષક મિત્રોની

ઉપસ્થિતિ અને પ્રોત્સાહન થકી આ પ્રોગ્રામ ખરેખર આનંદ પૂર્ણ બન્યો હતો. પ્રિન્સિપલ ડૉ. માધબી ભટ્ટ નાં વક્તવ્ય અને શિક્ષકશ્રી એ રજૂ કરેલ દોહા ગાન, તેમજ વિષય અનુસંધાને વ્યક્ત થયેલા વક્તવ્યોને કારણે આખો પ્રોગ્રામ રસપ્રદ અને માહિતીસભર રહ્યો હતો.

## INVESTITURE CEREMONY (08/7/23)

વિદ્યાર્થીઅવસ્થા ની રોમાંચિત ક્ષણો 







સ્ટુડન્ટ કાઉન્સિલના નવા ચૂંટાયેલા સભ્યો અને SNGV સ્કૂલના પ્રિફેક્ટોરિયલ બોર્ડે 08.07.2023ના રોજ 2023-24ના સત્ર માટે અધિકૃત રીતે તેમની ભૂમિકા નિભાવી છે. ગર્વ અને ઉત્સાહ સાથે આ વિદ્યાર્થી નેતાઓ તેમની જવાબદારીઓ સ્વીકારવા માટે તૈયાર છે!

નોમિનેશન ફોર્મ, ઇન્ટરવ્યુ અને પરીક્ષાઓ સહિતની સખત પસંદગી પ્રક્રિયા પછી, શાળાએ વિદ્યાર્થી પરિષદની રચના કરી હતી. સફળ ઉમેદવારો SNGV SDC સભ્યો અને આચાર્ય સાથે પેનલ ઇન્ટરવ્યુમાંથી પસાર થયા. સમારોહમાં, નવા ચૂંટાયેલા સભ્યોએ તેમના બેજ મેળવ્યા હતા, હેડ બોય અને હેડ ગર્લને આચાર્ય ડો. શ્રીમતી માધબી પ્રશાંત ભટ્ટ દ્વારા બેજ આપવામાં આવ્યા હતા, જ્યારે વાઈસ હેડબોય અને વાઈસ હેડગર્લને પ્રાથમિક વિભાગના વાઇસ પ્રિન્સિપાલ નલીનીમેડમ અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક વિભાગના ઇન્ચાર્જ ઉમેશસર સર દ્વારા બેજ આપવામાં આવ્યા હતા, સ્પોર્ટ્સ કેપ્ટનને સ્પોર્ટસ્ ટીચર રાકેશ સર દ્વારા બેજ આપવામાં આવ્યા હતા. વરિષ્ઠ શિક્ષકો પૈકી ખ્યાતિ દેસાઈ, જયમાલ કલાલ,નમ્રતા ગાંધી દ્વારા વિવિધ વિદ્યાશાખાના કેપ્ટનોને બેજ અપાયા હતા. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના હાઉસ ઈન્ચાર્જ શિક્ષકો દ્વારા હાઉસ કેપ્ટન અને વાઇસ કેપ્ટનને બેજ આપવામાં આવ્યા હતા. વર્ગ મોનિટર અને પ્રીફેક્ટને સંબંધિત વર્ગ શિક્ષકો અને SNGV નાં શારીરિક શિક્ષણ શિક્ષક શ્રી રાકેશ સર દ્વારા બેજ આપવામાં આવ્યા હતા.

સમગ્ર શાળા સમુદાય માટે તેમના સાથી વિદ્યાર્થીઓને લીડર તરીકે મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી રહી છે તે સાક્ષી આપવી એ ગર્વની ક્ષણ હતી. હેડ બોય આયુષ અકબરી અને હેડ ગર્લ ધ્રુવી પરમાર તેમના વક્તવ્યમાં આભાર અને પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

તમામ આગેવાનોને શપથ લેવડાવવામાં આવ્યા હતા જ્યાં તેઓએ શાળાના સિદ્ધાંતો અને મૂલ્યોને જાળવી રાખવા અને તેનું પાલન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

શપથ રાકેશ સર દ્વારા આપવામાં આવેલા.

પ્રિન્સિપાલ ડો. શ્રીમતી માધબી પ્રશાંત ભટ્ટ એ વિદ્યાર્થી નેતાઓને તેમની ભૂમિકાના મહત્વ પર ભાર મુકીને અવરોધોને દૂર કરવા અને સાચા માર્ગ પર રહેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ઉમેશ સર દ્વારા વિદ્યાર્થીઓના મૂલ્યની જાળવણી અંગે સુંદર વક્તવ્ય રજૂ થયું હતું

ઇન્વેસ્ટિચર સેરેમની નું સંચાલન કુશળ રીતે ખ્યાતિ દેસાઈ , SNGV એજ્યુકેટર્ દ્વારા કરવામાં આવ્યું હતું.

ચાલો SNGV શાળાના ઈતિહાસના આ નવા પ્રકરણની ઉજવણી કરીએ અને વર્ષ 2023-24 માટે વિદ્યાર્થી પરિષદના ઉત્કૃષ્ટ સભ્યોને અભિનંદન આપીએ:

- હેડ બોય: આયુષ અકબરી
- હેડ ગર્લ : ધ્રુવી પરમાર
- વાઇસ હેડ બોય: સ્મિત ગાંધી
- વાઇસ હેડ ગર્લ: તીર્થા ભટ્ટ
- સ્પોર્ટ્સ કેપ્ટન (છોકરાઓ): મયંક પ્રજાપતિ
- સ્પોર્ટ્સ કેપ્ટન (ગર્લ્સ): હીર દેસાઈ
- સ્પોર્ટ્સ વાઈસ કેપ્ટન (બોયઝ): અમિત ઠાકોર
- સ્પોર્ટ્સ વાઈસ કેપ્ટન: (ગર્લ્સ): જીલ ઠાકોર
- સાંસ્કૃતિક કેપ્ટન (છોકરાઓ): નિકુંજ રાઠોડ
- સાંસ્કૃતિક કેપ્ટન (છોકરીઓ): કાવ્યા મકવાણા
- સાંસ્કૃતિક વાઇસ કેપ્ટન (છોકરાઓ): ધ્રુવ પારેખ
- સાંસ્કૃતિક વાઇસ કેપ્ટન (ગર્લ્સ): સાક્ષી રાઠોડ

ચાલો આ ચૂંટાયેલા નવા પ્રતિનિધિઓને આનંદથી આવકારીએ અને તેમની સાથે સમજણ અને સંવાદિતતાના સેતુથી આગળ વધીએ .

## ધોરણ 10 ના વિદ્યાર્થીઓની સાયન્સ લેબ ની મુલાકાત(10/7/23)

આજે ધોરણ 10 A અને B ના વિદ્યાર્થીઓ એ લેબોરેટરીની મુલાકાત લીધી હતી. ત્યાં ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિજ્ઞાન પ્રવાહના જીવ વિજ્ઞાનના શિક્ષક ઉર્મિલા ટીચર તેમજ માધ્યમિક વિભાગના વિજ્ઞાન શિક્ષક દિપક સર અને લેબ કોર્ડીનેટર અશ્વિન સર હાજર રહ્યા હતા. વિદ્યાર્થી ઓને એસિડ બેઇઝ તટસ્થીકરણ નો પ્રયોગ અને મેગ્નેશિયમની પટ્ટી નું દહન કરવું એમ કુલ બે પ્રેક્ટીકલ વિદ્યાર્થીઓને શીખવવામાં આવ્યા હતા.



## CARD MAKING COMPETITION (11/7/23)

11-7-2023 મંગળવારના રોજ શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ, માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં હાઉસ મુજબ આજે કાર્ડ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધા લાયન ટાઈગર,પેન્થર અને ચિતા હાઉસ મુજબ કરવામાં આવી હતી. જેમાં માધ્યમિક વિભાગ ધોરણ 9 માંથી બે અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ધોરણ 11 માંથી થી બે એમ કુલ ચાર વિદ્યાર્થીઓ પસંદ કરાયા હતા. પહેલા ત્રણ તાસ માં આ સ્પર્ધા નું



આયોજન થયું હતું. એક્ટિવિટી ઇન્ચાર્જ નમ્રતા ટીચર, ખ્યાતિ ટીચર, અને રાકેશ સર હાજર રહ્યા હતા. માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક વિભાગના ઇન્ચાર્જ  ઉમેશસર,પ્રિન્સિપાલ મેડમ ડોક્ટર માધબી ભટ્ટ સમયાંતરે ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું. જજ તરીકે અંગ્રેજી માધ્યમ પ્રાથમિક વિભાગના આર્ટ અને ડ્રોઈંગ ના ટીચર દીપા દીક્ષિતે પોતાની કામગીરી બજાવી હતી. વિદ્યાર્થીઓ વચ્ચે ફરી અને કાર્ડ એકત્રિત કર્યા બાદ એમને નંબર આપવામાં આવ્યા હતા



**Winners of card making competition**

1. SHARMA DEEPIKA ANILBHAI (CHEETAH -11-COM.)
2. CHAUHAN DHWANI CHETANBHAI (LION -11-COM.)
3. PRAJAPATI SHREY PINTUBHAI(LION-11-COM.)

## ADOLESCENCE AWARENESS PROGRAMME (12/7/23)



શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં તારીખ 12 /7 /2023 બુધવારના રોજ Adolescence awareness program યોજાયો હતો આ કાર્યક્રમ પૈકી વ્યાયામ શિક્ષક રાકેશ સર, સેકન્ડરી અને હાયર સેકન્ડરી ઇન્ચાર્જ શ્રીઉમેશસર તેમજ અન્ય શિક્ષકો પૈકી યોગેશ સર,દીપક સર, અને જીતુ સરએ છોકરાઓ ને મૂંઝવતા પ્રશ્નોની યોગ્ય જાણકારી અને સમજ આપી માર્ગદર્શન આપ્યું હતું.

## GIRLS AWARENESS PROGRAMME (12/7/23)



12 /7 /2023 બુધવારના રોજ શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ ગુજરાતી માધ્યમમાં ગર્લ્સ અવેરનેસ પ્રોગ્રામ યોજાઈ ગયો. બાયોલોજીકલ વેસ્ટ પૈકી સેનેટરી નેપકીન નાં નિવારણ ની સમજ આપતો આખો કાર્યક્રમ હતો. વિદ્યાર્થીઓને આ વિશિષ્ટ સમયમાં સ્વચ્છતા ની જાળવણી કરવી  એનું જ્ઞાન આપયું.તેમજ આ નેપકીન ના વેસ્ટ નો નિકાલ એવી રીતે કરવો કે આપણું સ્વાસ્થ્ય ન જોખમાય અને પૃથ્વી સપાટી સ્વચ્છ અને સંતુલિત રહે.  શાળાનાં દરેક બિલ્ડીંગમાં સેનેટરી નેપકીન ડિસ્પોઝ નું મશીન લગાડવામાં

આવ્યું છે. એનો ઉપયોગ કેવી રીતે કરવો એની સમજ આપતો આ પ્રોગ્રામ હતો. નારાયણ ગુરુ વિદ્યાલયના પ્રિન્સિપાલ ડોક્ટર માધબી ભદ્દ્ડ દ્વારા પણ સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જીવ વિજ્ઞાનના શિક્ષિકા ઉર્મિલા ટીચર અને કોમ્પ્યુટર શિક્ષક નમ્રતા ટીચર હાજર રહ્યા હતા. શાળામાં કાઉન્સિલર તરીકે ફરજ બજાવતા સમીક્ષાબેન એ આ અંગે જાણકારી આપી હતી.

## CAREER COUNSELLING PROGRAMME FOR STD 11&12 SCI. (14/7/23)



આજે ધોરણ 11 અને 12 વિજ્ઞાન પ્રવાહ ના વિદ્યાર્થીઓ માટે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ પછી શું? તે અંગે નો Career counseling પ્રોગ્રામ શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં તા14/7/2023નાં રોજ કરવામાં આવ્યો હતો.

Presentataion (Jigar Gajjar ) દ્વારા આપવામાં આપ્યું હતું. શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ના પ્રિન્સિપલ ડોક્ટર માધબી ભદ્દ્ડ, ઇન્ચાર્જ ઉમેશ સર,H.R. વિન્સન્ટ સર અને સરકારી રોજગાર કચેરીના સભ્યો શ્રી હસમખભાઈ ,હિરેનભાઈ, જ્યોતિબેન અને સ્નેહાબેન ઉપસ્થિત રહ્યા હતા અને Career counseling અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.


## ASSEMBLY FOR STD 9-A AND CERTIFICATE DISTRUBUTION (14/7/23)



તારીખ 14- 7 -2023 શુક્રવારના રોજ શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં એસેમ્બલી નું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયના પ્રિન્સિપલ ડોક્ટર માધબી ભટ્ટ્ડ ઇન્ચાર્જ શ્રી ઉમેશ સર અને ધોરણ 9 થી 12 ના શિક્ષક ગણ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થી મિત્રોની સાથે આ કાર્યક્રમની શરૂઆત થઈ હતી.ધોરણ 9-A ના વિદ્યાર્થીઓ દ્વારા એસેમ્બલી નું કાર્ય કરવામાં આવ્યું હતું. પ્રાર્થના બાદ માધબી મેડમ નું અને ઉમેશ સરનું વિદ્યાર્થીએ તૈયાર કરેલા કાર્ડ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ એ પોતાના વિવિધ કૌશલ્ય રજૂ કર્યા હતા અને આજના જમાનાને અનુરૂપ Mobile Additicatonનામનું નાટક પણ રજૂ કરવામાં આવ્યુ હતું.

વિવિધ ક્ષેત્રોમાં પ્રાપ્ત થયેલા સર્ટિફિકેટસ ને મેડમ તેમજ ઉમેશ સર અને મનુ સર નાં હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

## 'ધોરણ 9 ની વાલી મિટિંગ'(15/7/23)



શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયમાં સેકન્ડરી હાયર સેકન્ડરી ગુજરાતી માધ્યમમાં 15/07/23 ના રોજ ધોરણ-9- A & B ની વાલી મીટીંગમા હતી તેમાં વાલીશ્રીઓને SNGV ના વર્ગ બઢતી ના નિયમો, ઘટાડેલા અભ્યાસક્રમની વિગતો અને બ્લુપ્રિન્ટ ની સમજ આપી, વાર્ષિક પરીક્ષાના સમયપત્રકની વિગતો અને આંતરિકગુણના વિતરણની સમજ આપી, નિયમિતતા અને સમયના પાલનનુ મહત્વ સમજાવ્યું. હાજરીના માપદંડ વિશે માહિતી આપી, ઘટાડેલા અભ્યાસક્રમની વિગતોની ચર્ચા કરી, દરેક વિષય શિક્ષકે પોતાના વિષયની વાલીઓને સમજણ આપી, ઇન્ચાર્જ શ્રી ઉમેશસર એ પણ વાલીઓને રોજ વિધાર્થીઓની સાથે બેસી તૈયારી કરાવવા ની સમજણ આપી 10:15 વાગે મીટીંગ પૂર્ણ થઈ.

## 'ELOCUTION COMPETITION' (21/7/23)




વક્તૃત્વ સ્પર્ધા :

તારીખ 21 /7 /2023 શુક્રવારના રોજ શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માંથી કુલ 16 વિદ્યાર્થીઓ હાઉસ મુજબ પસંદ કરાયા હતા. ત્રણ મિનિટની સમય મર્યાદામાં તેઓએ નક્કી કરેલા વિષય ઉપર પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું.આચાર્યશ્રી ડૉક્ટર માધવી ભટ્ટ, સેકન્ડરી અને હાયર સેકન્ડરી ઇન્ચાર્જ શ્રી ઉમેશસર , શિક્ષક મિત્રો અને વિદ્યાર્થીઓની હાજરીમાં સ્પર્ધા રસપ્રદ રહી હતી . અંગ્રેજી માધ્યમના શિક્ષકો હેમામેમ અને ક્રિષ્નામેમ એ નિર્ણાયક તરીકેની જવાબદારી નિભાવી હતી. ખ્યાતિ મેમ , નમ્રતા મેમ અને રાકેશ સરએ ઓવર ઓલ ઈન્ચાર્જ તરીકેની કામગીરી બજાવી હતી

WINNERS OF ELOCUTION COMPETITION SECONDARY SECTION

1. PRAJAPATI DHRUVI MUKESHBHAI
2. THAKOR RAJAKTA RAJESHBHAI
3. KUMAVAT KRITIKA KALURAM(9-A)



WINNERS OF ELOCUTION COMPETITION SECONDARY SECTION

1. PANDYA BANSI MANOJBHAI (11-SCI)
2. PATEL HAPPY BHAVESHBHAI (11-SCI)
3. AHIR KHUSHALI ASHVINBHAI (12-COM)

ISRO VISIT STD:9,10,11-SCI,12-SCI (03/08/23)







"ઈસરોની મુલાકાત "

3/8/2023 ગુરૂવારના રોજ ધોરણ 9-A અને 9-B ના વિદ્યાર્થીઓ ઈસરોની મુલાકાતે ગયા હતા. ધોરણ 9-A નાં વર્ગ શિક્ષક જીતુ સર,9-B નાં વર્ગ શિક્ષક દીપક સર, અર્ચના ટીચર તેમજ સેકન્ડરી અને હાયર સેકન્ડરી ઇન્ચાર્જ શ્રી ઉમેશ સર અને વિદ્યાર્થીઓના સમૂહ ઈસરોની મુલાકાતે ગયા હતા . બી.એડ ટ્રેની ટીચર અંકિતા રબારી પણ જોડાયા હતા.

4/8/2023 શુક્રવારના રોજ ધોરણ 10A, 10B , 11 સાયન્સ અને 12 સાયન્સના વિદ્યાર્થીઓ ઈસરો ની મુલાકાતે ગયા હતા. રાકેશ સર, ઉર્મિલા ટીચર,યોગેશ સર, જીગર સર, જય માલા ટીચર એમની સાથે મુલાકાતમાં જોડાયા હતા. ચંદ્રયાન વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી વિવિધ સેટેલાઈટ અને તેના પ્રકારો એની કાર્ય શૈલી વિશે જણાવવામાં આવ્યું હતું. નાવિક નેવિગેશન વિશે સમજાવવામાં આવ્યું હતું. ગગનયાન વિશે પણ રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. રોકેટ સંબંધી ઘણી બધી માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. વિડીયો દ્વારા પણ વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી. આ આખો સમય વિદ્યાર્થીઓ માટે રસપ્રદ અને જાણકારી સભર માહિતી મેળવવાનો રહ્યો . આ એક અવિસ્મરણીય અનુભવ હતો.

FUNUMBRELLA INTERSCHOOL COMPETITION (07/08/23)

ફનઅમ્બરેલા પ્રતિયોગીતા




શ્રી નારાયણ કલ્ચરલ મિશન દ્વારા સંચાલિત શ્રી નારાયના સેન્ટ્રલ સ્કૂલ દ્વારા તારીખ 7 ઓગસ્ટ 20023 શુક્રવારના રોજ ઇન્ટર સ્કૂલ ફન અમ્બરેલા સ્પર્ધા યોજાઈ ગઈ. સવારના 9:30 થી 11:30 દરમ્યાન વિદ્યાર્થીઓએ ઘરેથી લાવેલી સામાન્ય છત્રી ઉપર વિવિધ આકર્ષક રંગો દ્વારા, કાગળના ક્વીલીંગ વર્ક, ભરતગુંથણ અને છાપ ઉપસાવીને, વિવિધ પ્રકારના લખાણો લખીને તેમજ આકર્ષક પોસ્ટર ચોંટાડીને

કલાત્મક સુશોભન કર્યું હતું.એક સામાન્ય છત્રીને એકદમ અવનવા રૂપે પ્રસ્તુત કરી હતી. કોઈએ છત્રી ઉપર બ્રહ્માંડ ઉતાર્યું હતું,તો કોઈએ ફિલ્મ સ્ટાર ના પોસ્ટર લગાવ્યા હતા. કોઈએ નવરાત્રીની અસર છત્રી ઉપર દર્શાવી હતી, ક્યાક રંગીન  છત્રીઓ ઉપર તહેવારોની રમઝટ દેખાતી હતી. ઈશ્વર ને વિવિધ સ્વરૂપે કલાત્મક રીતે રજૂકર્યા હતા. શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય અંગ્રેજી માધ્યમ,ગુજરાતી માધ્યમ અને સીબીએસસી માં ધોરણ નવ થી 12 ના લગભગ 70 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ધોરણ નવ ની અંદર દેવાંશી સોલંકી નામની વિદ્યાર્થીનીએ આશ્વાસન ઇનામ પ્રાપ્ત કર્યું તેમજ ધોરણ 11 ની અંદર શ્રેય પ્રજાપતિએ ત્રીજો ક્રમાંક મેળવ્યો. ધોરણ મુજબ નિર્ણાયકોએ પોતાની કામગીરી બજાવી હતી. ધોરણ નવ માટે શ્રુતિ મેડમ,ધોરણ 10 માટે સુસ્મિતા મેડમ,ધોરણ 11 માટે ખ્યાતિ મેડમ અનેધોરણ 12 માટે શક્તિ મેડમે નિર્ણાયક તરીકેની જવાબદારી બજાવી હતી. વિજેતા બનનાર વિદ્યાર્થીઓ નાં સર્ટિફિકેટ જાહેર થયા હતા. એક સાવ સામાન્ય લગતી છત્રીને અદભુત અને આકર્ષક રીતે રજુ કરવાની પ્રક્રિયામાં વિદ્યાર્થીના કૌશલ્ય અને નવીન્યસભર કલાત્મકતા અભિવ્યક્ત થતા હતા. એકંદરે આ કાર્યક્રમ ખૂબ રોચક અને આનંદપ્રદ બની રહ્યો હતો.

## BOARD DECORATION COMPETITION ON SUSTAINABLE DEVELOPMENT GOALS (10/08/23)


### સસ્ટેનેબલ ડેવલપમેન્ટ નું બોર્ડ ડેકોરેશન(10-8-23)




શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં બોર્ડ ડેકોરેશન સ્પર્ધા યોજાઈ ગઈ. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ના ધ્યેય ને અનુલક્ષીને લાયન ટાઈગર, પેન્થર અને ચિતા ગ્રુપની અંદર આ સ્પર્ધા યોજાઈ ગઈ. દરેક હાઉસને બે બે બોર્ડની ફાળવણી કરવામાં આવી હતી. બે દિવસ વિદ્યાર્થીઓને ફાળવવામાં આવ્યા હતા. હાઉસ મુજબ દરેક ધ્યેય ને અનુલક્ષીને વિદ્યાર્થીઓએ ખુબ સુંદર રીતે બોર્ડને સજાવ્યું હતું. નિર્ણાયકો ડૉ. માધવી ભટ્ટાડ અને શ્રી ઉષા મોહન દ્વારા બોર્ડને ક્રમાંક આપવામાં આવ્યા હતા અને સર્ટિફિકેટ પણ જાહેર કરવામાં આવ્યા હતા. યુનેસ્કો  દ્વારા સંબંધિત આ સ્પર્ધા વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક બની રહી.

## STD-9-B ASSEMBLY & CELEBRATION OF “AZADI KA AMRUT MAHOSAV” (11/08/23)

આજે તા.11/8/2023, શુક્રવાર ના રોજ શ્રી નારાયણા ગુરુ વિદ્યાલય, ગુજરાતી માધ્યમમાં ધોરણ 9-B ના વિદ્યાર્થીઓ દ્વારા Assembly નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અંગે જાગૃતિ આવે તે માટે એક






સુંદર નાટક રજૂ કરવામાં આવ્યું હતું ત્યારબાદ દેશભક્તિ ગીત પર નૃત્ય કરવામાં આવ્યું, દૈનિક સમાચાર, G. K નાં પ્રશ્નો -જવાબ ની છણાવટ કરવામાં આવી. આ સમગ્ર assembly માટેનું એન્કરિંગ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું વિદ્યાર્થીઓને ખૂબ મજા આવી. આઝાદી કા અમૃત મહોત્સવ સંદર્ભે મેરી માટી મેરા દેશ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી જેમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના વિભાગના વિદ્યાર્થીઓને વ્યાયામ શિક્ષક રાકેશ સર દ્વારા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી.




## MATHS, SCIENCE AND GENERAL KNOWLEDGE QUIZ (23/08/23)

## ગણિત વિજ્ઞાન અને જનરલ નોલેજ ની ક્વિઝકોમ્પિટિશન.




23-8-2023 બુધવારના રોજ શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓ માટે ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજ્ઞાન ગણિત, ગુજરાતી,સામાજિક વિજ્ઞાન જનરલ નોલેજ જેવા વિષયો માંથી પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

પ્રાયોગિક નિદર્શન, પઝલ,રેપિડ ફાયર,મને ઓળખો..જેવા રાઉન્ડ રાખવામાં આવ્યા હતા. પ્રશ્નોને પસંદ કરવા માટે વિષય શિક્ષકો : ભાવેશસર, દિપકસર ખ્યાતિટીચર, જીગર સર અને ઉર્મિલા ટીચરે પોતાનો ફાળો આપ્યો હતો. સ્કોરર તરીકે નમ્રતા ટીચર દિપક સર એ કામગીરી બજાવી હતી. ટાઈમઅપ સેટિંગ અને સમય ફાળવણીની ચકાસણીમાં મનુ સર એ કાર્ય કર્યું હતું. મયુર સર એ ફોટોગ્રાફીનું કામ કર્યું હતું. એન્કરિંગ કરવાની જવાબદારી નમ્રતા ટીચરે નિભાવી હતી. વિદ્યાર્થીઓને યોગ્ય ગોઠવણી અને શીસ્તબધ્ધ બેસવાની પ્રક્રિયામાં રાકેશ સર અને વોલેન્ટિયર એ પોતાની ફરજ બજાવી હતી.

આ આખી સ્પર્ધામાં પ્રથમ સ્થાને લાયન ગ્રુપ અને દ્વિતીય સ્થાને પેન્થરગ્રુપ રહ્યું હતું.

લાયન ગ્રુપના વિદ્યાર્થીઓના નામ

1. શેઠ ચૈતન્ય નીરજભાઈ
2. પાલ આંચલ દિનેશભાઈ
3. પટેલ હેત્વી હરેશભાઈ
4. ભૂત દિશા વિજયભાઈ

1. નકુમ અંજનસિંહ હિરેનકુમાર
2. કલસારીયા પૃથ્વીરાજ મનુભાઈ
3. હરીયાણી પ્રાચી કેતનકુમાર
4 વાળા ચેષ્ટા અશોકભાઈ

પેન્થર હાઉસના વિદ્યાર્થીઓના નામ

આ સ્પર્ધાના ઇન્ચાર્જ,જીગર સર, ઉર્મિલા ટીચર અને દિપક સરે ફરજ બજાવી હતી.

**POOKALAM COMPETITION (25/08/23)**

ઓણમ :ફૂલની રંગોળી.




શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં તારીખ 25 -8 -2023 શુક્રવારના રોજ ઓણમ નિમિત્તે ફૂલની રંગોળીનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે સાડા સાત વાગે શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય બિલ્ડીંગ ડી ના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર રંગોળી કરવા માટે ચિઠ્ઠી ઉપાડવામાં આવી હતી. જે તે હાઉસના 1 વિદ્યાર્થીએ એક ચિઠ્ઠી ઉપાડી અનુક્રમ મુજબ જગ્યા આપવામાં આવી હતી.વિદ્યાર્થીઓને નિશ્ચિત ચોરસ દોરીને આપવામાં આવ્યો હતો અને ગોળની અંદર એ લોકોને ડિઝાઇન દોરી ફુલ દ્વારા સુશોભન કરવાનું હતું.10:30 સુધીનો સમય વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો હતો.ત્યારબાદ જજ દ્વારા વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓ એ યોગ્ય જવાબ આપ્યા હતા. ધોરણ મુજબ વિદ્યાર્થીઓએ પણ તે વિવિધ રંગોળીઓ જે હાઉસ મુજબ તૈયાર થઈ હતી એની મુલાકાત લીધી હતી. ઇન્ચાર્જ તરીકે પ્રફુલા ટીચર અને જય માલા ટીચરે ફરજ બજાવી હતી. આખો કાર્યક્રમ આનંદદાયક અને રસપ્રદ રહ્યો. શાળાના વિવિધ શિક્ષક મિત્રોએ પણ રસ પૂર્વક રંગોળી નિહાળી હતી. પ્રથમ સ્થાને ચિતા હાઉસ દ્વિતીય સામે ટાઇગર હાઉસ ત્રીજા સ્થાને લાયન હાઉસ અને ચોથા સ્થાને પેન્થર હાઉસ રહ્યું હતું.

Activity Report -2023-24 (September,October,November)


## ડોક્ટર અર્પણ યાજ્ઞિકનું વક્તવ્ય :"સર્જનાત્મકતા" એ શિક્ષણનો એક ભાગ(5-9-23)




"સર્જનાત્મકતા" એ શિક્ષણનો એક ભાગ છે અને એના થકી શિક્ષક વિદ્યાર્થીના મન સુધી પહોંચી શકે છે.આ સર્જનાત્મકતાના અનુસંધાને શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય અંગ્રેજી માધ્યમના 2002 પાસ આઉટ વિદ્યાર્થી ડોક્ટર અર્પણ યાજ્ઞિક નું એક વક્તવ્ય યોજાઈ ગયું. "શિક્ષક દિનથી" ઉત્તમ દિવસ બીજો કયો હોઈ શકે? એટલે પાંચમી સપ્ટેમ્બર સવારે 10:30 વાગે શાળાના ડી બિલ્ડીંગ પરિસરની અંદર થર્ડ ફ્લોર ઉપર કોન્ફરન્સ હોલમાં આ વક્તવ્ય યોજાઈ ગયું. શાળાના શિક્ષક દિન સંદર્ભે શિક્ષક બનેલા વિદ્યાર્થીઓ દ્વારા એન્કરિંગ થયું. આમંત્રિત મહેમાન નું વિદ્યાર્થી દ્વારા તૈયાર કરેલ પુષ્પગુચ્છ વડે સ્વાગત કરવામાં આવ્યું હતું. ડોક્ટર અર્પણને વિધિવત વક્તવ્ય માટે નિમંત્રણ આપવામાં આવ્યું. સચોટ અને

સુંદર દ્રષ્ટાંતો દ્વારા,કાલ્પનિક શક્તિ ખીલવતા સચોટ ઉદાહરણો થકી એમણે વિદ્યાર્થીઓને શિક્ષક માટે માર્ગદર્શનરૂપ બની શકે તેવી ઘણી બાબતો રજૂ કરી. ઉપાયો સૂચવ્યા.અને ક્લાસરૂમ ટીચિંગ મેથડ ની નવી તરકીબો રજૂ કરી. સામે બેઠેલા શિક્ષકોને પ્રશ્નોત્તરી પદ્ધતિમાં સાંકળી લીધા અને સહયોગ પૂર્ણ વાતાવરણ સર્જાયું. ગુજરાતી માધ્યમ માધ્યમિક વિભાગના શિક્ષિકા ખ્યાતી દેસાઈ દ્વારા સર્જનાત્મકતાના ભાગરૂપે શિક્ષણ દિન સંદર્ભે એમની સ્વરચીત રચના પ્રસ્તુત થઈ. ગુજરાતી માધ્યમ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિકના ઇન્ચાર્જ શિક્ષક શ્રી ઉમેશ સર દ્વારા આભાર વિધિ થઈ. આખો કાર્યક્રમ નવીનતા સભર અને જ્ઞાનવર્ધક રહ્યો.

## શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયમાં શિક્ષક દિનની ઉજવણી (5-9-2023)




જીવનના ઘડતરમાં પાયાની ઈંટ મુકનાર વ્યક્તિ એટલે 'શિક્ષક 'અને એને સન્માનવાનો દિવસ એટલે "શિક્ષક દિન". ભારતના ઉપરાષ્ટ્રપતિ ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસ 5 સપ્ટેમ્બર શિક્ષકદિન તરીકે ઉજવાય છે. શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય માં માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં આજે શિક્ષક દિન આનંદ અને ઉલાસ સાથે ઉજવાઈ ગયો. નાનપણથી સેવેલું ટીચર બનવાનું સપનું એક દિવસના ટીચર બની પૂર્ણ થયું. વિદ્યાર્થી દ્વારા શિક્ષક બનેલા વિદ્યાર્થીઓ એ એન્કરિંગ કર્યું. પ્રાર્થના અને ત્યારબાદ જે તે વિષયના શિક્ષક બનેલા વિદ્યાર્થીઓ એ શિક્ષકનું પુષ્પ આપી સન્માન કર્યું. નક્કી કરેલી ટાઈમ ટેબલ મુજબ દરેક તાસમાં વિદ્યાર્થીઓએ શૈક્ષણિક કાર્ય ખૂબ આનંદ અને ઉત્સાહ થી કર્યું.કુશળતાથી કરવામાં આવતું વર્ગ સંચાલન, વિદ્યાર્થીઓને સમજાવટની પ્રક્રિયા હોય, નોટ લખાવાની પદ્ધતિ હોય.. વિદ્યાર્થીઓ સહકારથી કામ કરતા .ટીચિંગ એડ નો પણ ખૂબી પૂર્વક ઉપયોગ એ લોકોએ કર્યો. જજીસ દ્વારા શિક્ષક બનેલા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ સૌને પાસિંગ ધ બોલ જેવી મજાની રમત પણ રમાડી. ગરબા વગર તો કાર્યક્રમ અધુરો ગણાય તેથી અંતમાં ગરબા ની રમઝટ સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ. સંચાલન થી લઈને શૈક્ષણિક પ્રક્રિયા સુધીની તમામ બાબતો ।શિક્ષક બનેલા વિદ્યાર્થીએ કુશળતાપૂર્વક કર્યું .પ્રિન્સિપલ મેડમ, વાઈસપ્રિન્સિપલ અને ઇન્ચાર્જની હાજરી અને સંપૂર્ણ સહકારને પરિણામે કાર્યક્રમ રસપ્રદ તેમજ સ્મરણીય રહ્યો




***WINNERS LIST***


***TEACHER'S DAY CELEBRATION (SECONDARY SECTION)***

1. ***KHOLIYA RAJVI VINODBHAI(12-SCI)***
2. ***PATEL RUSHIL RAKESHBHAI(12-SCI)***

***TEACHER'S DAY CELEBRATION (HR SECONDARY SECTION)***

1. ***SHAH RAJVI JIGNESHBHAI(12-SCI)***
2. ***PRAJAPATI PRIYA CHAITANYAKUMAR(12-SCI)***

## ધોરણ 10 Aની એસેમ્બલી (15/9/2023)




શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ધોરણ 10 Aની એસેમ્બલી આજરોજ 15/9/2023નાં યોજાઈ ગઈ. વિદ્યાર્થીમાં રહેલા કૌશલ્યને બહાર લાવવાનો આ એક નમ્ર પ્રયાસ હોય છે. શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયના આચાર્ય ડોક્ટર માધબી ભટ્ટ સાડા સાત વાગે ઉપસ્થિત રહ્યા હતા. ઇન્ચાર્જ શિક્ષણ શ્રી ઉમેશ સર અને અન્ય શિક્ષક મિત્રોની હાજરીમાં કાર્યક્રમની શરૂઆત થઈ. 10A ના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃતના શ્લોક સાથે પ્રાર્થના ની શરૂઆત થઈ વિદ્યાર્થીની ઓના સમૂહ દ્વારા સુંદર મજાનું નૃત્ય રજુ થયું .ગગનયન વિશે વિદ્યાર્થીએ પોતાના વિચારો વ્યક્ત કર્યા. અભ્યાસ દરમિયાન વિદ્યાર્થી જે અનુભવે છે તે બાબતોને સંવાદો દ્વારા વ્યક્ત કરવામાં આવી.દેશભક્તિનૃત્ય વિદ્યાર્થીનીઓના સમૂહ દ્વારા રજુ થયું. આત્મવિશ્વાસ પૂર્ણ અંગ્રેજીમાં થયેલું એન્કરિંગ મજાનું હતું. ગીતાનાએક શ્લોક ને વિદ્યાર્થી દ્વારા ભાવવહી રીતે વર્ણવવામાં આવ્યો હતો. કાર્યક્રમને અંતે ટૂંકા વક્તવ્ય બાદ પ્રતિજ્ઞા વાંચન અંગ્રેજીમાં થયું.રાષ્ટ્રગીત બાદ કાર્યક્રમ પૂર્ણ થયો. અને સૌ વર્ગમાં ગયા. કાર્યક્રમ રસપ્રદ અને માણવા યોગ્ય રહ્યો

## ધોરણ 9-B science lab visit(14/9/2023)

શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયમાં તા.14/9/23 ગુરુવાર ના રોજ ગુજરાતી માધ્યમમાં ધોરણ 9-B ના વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષય માં એમોનિયમ ક્લોરાઇડના ઊર્ધ્વપાતનનો પ્રયોગ શીખવાડવામાં આવ્યો, આ ઉપરાંત જીવવિજ્ઞાનના પણ પ્રયોગ કર્યા હતા,જેમાં શિક્ષકો દિપકભાઈ, અશ્વિનભાઈ અને ઉર્મિલાબેન ઉપસ્થિત હતા



## हिंदी सप्ताह दिवस सम्मेलन ( १६/०९/२०२३)

श्री नारायण गुरु विद्यालय गुजराती माध्यम में( दिनांक १६/०९/२०२३) डी, भवन पहले मंजिल पर हिंदी सप्ताह अंतर्गत नवमी कक्षा के छात्रों ने भाग लिया था और प्रधानाचार्य एवं सहायक प्रधानाचार्य ने हिंदी राष्ट्रभाषा के बारे में व्यक्तव्य दिया । नवमी कक्षा के छात्रोंने और शिक्षकगणने भी काव्यगान ,दोहागान और राष्ट्रभाषा के महत्व, विरोध शब्द, समानार्थी शब्द पहेलियाँ बारे में छात्रों को समझाया । अंत में आभार विधि छात्रों दवारा की गई ।

प्रभारी:-जीतुभाई चारेल







## "સ્વચ્છતા હી સેવા" કાર્યક્રમ(14 /10 /2023)

શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમા તારીખ 14 /10 /2023 ના રોજ ગુજરાત સરકાર દ્વારા ઉજવાઈ રહેલા "સ્વચ્છતા હી સેવા" કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી અને વ્યાયામ શિક્ષક રાકેશસર દ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતાની શપથ લેવડાવા મા આવી

## રંગતાળી સંગ માણો નવરાત્રિ (18-9-2023)




શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ ગુજરાતી માધ્યમની અંદર તારીખ 18 -10 -2023 બુધવારના રોજ નવરાત્રી સંદર્ભે રાસ ગરબા નો પ્રોગ્રામ યોજાઇ ગયો. ટકાઉ વિકાસ યુનિસેફના સંદર્ભે આ આખાપ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓ અને શિક્ષકો એ ઉત્સાહથી ભાગ લીધો. ટકાઉ વિકાસ સંદર્ભે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ લાકૃતિઓ,સુશોભન,રંગોળી તેમજનવરાત્રીનારાસરમતાકટઆઉટ્સ, રાસ રમતા નરનારી ના તોરણ ધ્યાન આકર્ષક હતા. બરાબર 9:30 ના ટકોરેશ્રી નારાયણ કલ્ચર મિશન ના જનરલ સેક્રેટરી કે. એન મુરલીધરન, શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયના આચાર્ય ડોક્ટર માધબી ભટ્ટ્ડ, અને અન્ય આમંત્રિતો ની હાજરીમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી શણગારેલી આરતી ની થાળી થી આરતી કરવામાં આવી અને વાતાવરણ ભક્તિમય બની ગયું ટકાઉ વિકાસ સંદર્ભેધોરણ9 દ્વારા બે તાળી ધોરણ 10 ના વિદ્યાર્થીઓના સમૂહ દ્વારા ત્રણતાળી11 અને 12 ના વિદ્યાર્થીઓ દ્વારા રાસ અને ટેટુડો.. નું પરફોર્મન્સ આપવામાં આવ્યું.ત્યારબાદ લગભગ સવા વાગ્યા સુધી વિદ્યાર્થીઓએ સામુહિક રીતે ગરબા ની રમઝટ માણી.રાસગરબા, હીંચ,ટેટુડો,.. ઉપર સૌ મન મૂકીને ધૂમ્યા ▯નિર્ણાયક ની જવાબદારી શ્રી






નારાયણ ગુરુ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી એવા ક્રમિક યાદવે નિભાવી જે 2022 ના મિસ્ટર ઈન્ડિયાનો ખિતાબ જીતી ચૂકેલી સાલેબ્રિટી છે ગરબાક્લાસચલાવતાઅનેવિવિધક્ષેત્રે ગરબા સાથે સંકળાયેલા નિધિ શાહે પણ નિર્ણાયક તરીકેની જવાબદારી નિભાવી.બેસ્ટગરબા, બેસ્ટ પર્ફોર્મન્સ માટેના વિદ્યાર્થીઓની પસંદગી કરી. શ્રી નારાયણ સેન્ટ્રલ સ્કુલના આચાર્ય ડોક્ટર સુનીતા સિંઘ, માધવી ભટ્ટ, નલિની મેડમ, ક્રમીક યાદવ, અને ઉમેશ સર ના વરદ હસ્તે વિદ્યાર્થીઓને પુરસ્કશ્રી નારાયણ સેન્ટ્રલ સ્કુલના આચાર્ય ડોક્ટર સુનીતા સિંઘ, માધવી ભટ્ટ, નલિની મેડમ, ક્રમીક યાદવ, અને ઉમેશ સર ના વરદ હસ્તે વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરાયા. એવીજરીતેશિક્ષકોનેપણઇનામઆપવામાંઆવ્યા. આયાબહેનોનોપણગરબેરમ્યાહતાઅને એમને પણ ઇનામ આપયા.

સૌ સાથે ગ્રુપ ફોટો લેવાયો અને કાર્યક્રમ સંપન્ન ઘોષિત કર્યો.વિદ્યાર્થીઓએ અને સૌએ આ કાર્યક્રમ મન ભરીને માણ્યો.

***WINNERS LIST***

***GARBA(SECONDARY)***

1 ***DEV DARJI (9-B) BEST DANCER BOY***
2 ***VALA CHESHTA(9-B)BEST DANCER GIRL***
1 ***DHRUJ VAGHELA(10-A) BEST COSTUME BOY***
2 ***RATHOD KAREENA(10B) BEST COSTUME GIRL***

***GARBA(HR.SECONDARY)***

1 ***AMIT THAKORE(11-COM) BEST DANCER BOY***
2 ***DHRUVI MAKWANA(12-COM)BEST DANCER GIRL***
1 ***NAKUM ANJANSINH AMITKUMAR(12-SCI) BEST COSTUME BOY***
2 ***ZEEL THAKOR(11-SCI) BEST COSTUME GIRL***

***GARBA(TEACHERS)***

1 ***JIGAR GAJJAR***
2 ***NAMRATA GANDHI***
3 ***JITUBHAI CHAREL***

# વાલી મીટીંગ(26/10/23)

તારીખ 26/ 10 /2023 ગુરુવારના રોજ શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ ગુજરાતી માધ્યમમાં ધોરણ 9 થી 12 માં વાલી મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષકોએ તપાસેલા પેપર વાલી પણ નિહાળે અને એ પ્રગતિ કરવા માટેના જરૂરી સૂચનો પ્રાપ્ત કરી આગળ વધી શકે એ આશય આ મીટીંગ નો હતો. વિદ્યાર્થીનું વર્ગ વાર પરિણામ એ જ વર્ગની અંદર દરેક વિષયમાં મહત્તમ ગુણાંક જે વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કર્યા છે તે, તેમજ હવે પછીની પરીક્ષાના કાર્યક્રમ અંગેની માહિતી આપવામાં આવી હતી.



## શ્રી સરદાર પટેલ જયંતિ ની ઉજવણી (30-10-2023)

શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ) માં તારીખ 30/ 10/ 2023 ના રોજ ગુજરાત સરકાર દ્વારા ઉજવાઈ રહેલ શ્રી સરદાર પટેલ જયંતિ અનુસંધાને રાષ્ટ્રીય એકતા માટે વ્યાયામ શિક્ષક શ્રી રાકેશ દ્વારા વિદ્યાર્થીઓને શપથ લેવડાવવામાં આવી.




## શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય મા  ઇનામ અને સર્ટિફિકેટ વિતરણનો કાર્યક્રમ.




"પ્રોત્સાહન એ જીવનમા પ્રગતિ તરફ લઈ જતું એક પ્રેરકબળ છે" આ સંદર્ભે તારીખ 3 -11 -2023 શુક્રવારના રોજ શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ, માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સર્ટિફિકેટ અને ઇનામ વિતરણ નો કાર્યક્રમ આજે યોજાઈ ગયો. વર્ષ 20023 - 24 ના શરૂ થયેલા શૈક્ષણિક વર્ષ સંદર્ભે પ્રથમ સત્રમાં વિવિધ શાળાકીય અને આંતરશાળાકીય સ્પર્ધાઓ યોજાઈ ગઈ. વિદ્યાર્થીઓએ ગ્રુપ વાઈઝ ભાગ લીધો  હતો અને પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી સફળતા હાસિલ કરી હતી. એવા વિદ્યાર્થીઓને આચાર્યશ્રી, ઇન્ચાર્જ શ્રી અને શિક્ષકો દ્વારા સર્ટિફિકેટ તેમજ ઇનામ આપી સન્માનિત કરાયા હતા.સ્પર્ધા ગ્રુપ મુજબ હોઈ એના ગ્રુપ ઇન્ચાર્જને પણ આચાર્યશ્રી દ્વારા સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા હતા. સમગ્ર વિદ્યાર્થીઓમાં પોતાના કાર્યને,પોતાના ગ્રુપને બિરદાવતી આ સર્ટિફિકેટ અને ઇનામ વિતરણની કામગીરી પોતાનું શ્રેષ્ઠ આપવું એવો એક સંદેશો આપતી ગઈ. વિદ્યાર્થીઓ માં રહેલા કૌશલ્ય અને જ્ઞાનને બહાર લાવવા માટેનું પ્લેટફોર્મ બની રહેતી હોય છે એ સમજ કેળવાઈ



સ્પર્ધાનું લિસ્ટ :

1. કાર્ડ મેકિંગ
2. વક્તૃત્વ સ્પર્ધા
3. બોર્ડ ડેકોરેશન.( યુનિસેફ સંદર્ભે ટકાઉ વિકાસ )
4. ક્વિઝ કોમ્પિટિશન
5. પોકકલમ (ફુલની રંગોળી )
6. શિક્ષક દિનની ઉજવણી
7. Fun umbrella

## શૈક્ષણિક પ્રવાસ (6/11/2023)




શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ ના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની પિકનિક તારીખ , 6/11/2023 ના રોજ હતી જેમાં કુલ 67 છોકરા છોકરીઓ અને પિકનિક ઇન્ચાર્જ રાકેશ સર તથા પ્રફુલાટીચર મયુર સર ઉષા ટીચર પણ આવ્યા હતા એક મોટી લક્ઝરી અને એક ટેમ્પો ટેક્સ એસી કોચમાં સવારે 7:30 વાગે અમારી સ્કૂલેથી નીકળી 10:00 વાગે રોયલ સફારી રિસોર્ટમાં પહોંચ્યા હતા ત્યાં બધા જ વિદ્યાર્થીઓને બ્રેકફાસ્ટ અને બોર્નવિટા આપવામાં આવ્યું ત્યારબાદ ઓપન જીપમાં વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરી માં લઈ જવામાં આવ્યા ત્યાં સાતથી આઠ પ્રકારના વિદેશી પક્ષીઓ(ઇગલ, સ્પૂન બિલ, ક્રેન, ઈ ગ્રેટ)તથા દુર્લભ્ ઘુડખર જોવા મળ્યા તથા  રણમાં વિદ્યાર્થીઓએ ફોટો પડાવ્યા ત્યારબાદ અમે રિસોર્ટમાં પરત આવ્યા ત્યાં વિદ્યાર્થીઓને સારામાં સારું લંચ કરાવ્યું પછી અમે બસમાં બેસીને ખારાઘોડા મીઠાની ફેક્ટરીમાં ગયા જ્યાં મીઠું કેવી રીતે બનાવવામાં આવે છે તે વિદ્યાર્થીઓએ નિહાળ્યું અને પરત રિસોર્ટમાં આવ્યા ત્યાં પાંચ વાગે અમે વિદ્યાર્થીઓને પકોડા અને પૌવા નો નાસ્તો તથા ચા કોફી પીવડાવી ત્યારબાદ 5:30 વાગે સ્કુલ તરફ રવાના થયા અને 8.00 વાગે સ્કૂલે પરત આવ્યા

## નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ (NCSC)-2023 (06/11/2023)




નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ (NCSC)-2023 દ્વારા આયોજિત અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર અંતર્ગત યોજાયેલ કાર્યક્રમનો અહેવાલ.

કાર્યક્રમ સ્થળ : રિપબ્લિક સ્કૂલ,લાલ દરવાજા,અમદાવાદ

તારીખ : 06/11/2023 (સોમવાર)

નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ (NCSC) એ વર્ષ 1993 માં શરૂ થયેલો દેશવ્યાપી વિજ્ઞાન સંચાર કાર્યક્રમ છે. તે નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેક્નોલોજી કોમ્યુનિકેશન (NCSTC), વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગનો એક કાર્યક્રમ છે. બાળકો માટે પ્રેરણા, સશક્તિકરણ અને તેમના મનને વિશ્વમાં

વિસ્તૃત કરવા માટેનો એક આદર્શ અને નવીન કાર્યક્રમ. આ કાર્યક્રમ 10-17 વર્ષની વય-જૂથના બાળકો શાળા પ્રણાલીના તેમજ શાળાની બહારના બાળકો, તેમની સર્જનાત્મકતા અને નવીનતા અને ખાસ કરીને પદ્ધતિનો ઉપયોગ કરીને સ્થાનિક રીતે અનુભવાતી સામાજિક સમસ્યાને ઉકેલવાની તેમની ક્ષમતા પ્રદર્શિત કરવા માટે એક મંચ છે.

શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયના વિષય શિક્ષકોના માર્ગદર્શન હેઠળ શાળાના વિદ્યાર્થી દ્વારા પોતાના કૌશલ્ય દર્શાવતો એક સંશોધન યુક્ત પ્રોજેકટ રજૂ કર્યો.જે રાજય કક્ષાએ પસંદગી પામ્યો છે.

પ્રોજેકટનું નામ : પેક્ડ ફૂડના ઉપયોગથી વધતો પ્લાસ્ટિક કચરો અને જંકફૂડની બાળકોના સ્વાસ્થ્ય પર  અસર.

પ્રોજેકટ થીમ : આરોગ્ય,પોષણ અને સુખાકારીને પાલન કરવું.

ભાગ લેનાર વિદ્યાર્થીનું નામ : આયુષ પી.અકબરી

માર્ગદર્શક શિક્ષકનું નામ : જીગર ગજ્જર

પ્રોજેકટ વિષેની માહિતી

ખોરાક એ માનવ જીવનનો આવશ્ય ઘટક છે.પરંતુ તેની સમજ બાળકોથી લઈને મોટા વ્યક્તિઓ આજે ભૂલી રહ્યા છે પેક્ડ ફૂડના ઉપયોગ દિવસે ને  દિવસે વધી રહ્યો છે.આવી ખોરાકના પેકેજીંગમાં વપરાતી પ્લાસ્ટિક કે જે વધુ પ્રમાણમાં પ્લાસ્ટિક કચરાનું ઉત્પાદન પ્રમાણ વધારે છે.આ પ્લાસ્ટિક કચરો  પર્યાવરણની સમસ્યા વધારે છે,જેના કારણે આગવી પેઢી ને લગતી ઘણી બધી મુશ્કેલીઓ સર્જાઈ શકે .પ્લાસ્ટિકનો ઉપયોગ તમામ જગ્યાઓ પર કરવામાં આવી રહ્યો છે.આથી તેનાથી તથા નુકસાન અને હાનિકારકતા ની સમજ આપવા માટે આ પ્રોજેક્ટ સ્વરૂપે એક નાનકડો પ્રયાસ છે. આજનું બાળક ઘરનનો  પોષ્ટિક આહાર લેવાને બદલે જંક ફૂડ વધારે પસંદ કરે છે.પરંતુ તેને તેનાથી થનારી અસર વિશે બિલકુલ ખ્યાલ નથી.પ્લાસ્ટિકયુક્ત પેકડ ફૂડ જંક ફૂડ તરફ આજે આ વિશ્વ દોરી ગયું છે ,જે તેના શરીર માટે બિલકુલ યોગ્ય નથી.પ્લાસ્ટિક પેકેટ સસ્તા,ચટાકેદાર અને સ્વાદિષ્ટ થવાથી ગમે ત્યાં અને ગમે ત્યારે મેળવી શકાય છે ,જેના કારણે તેનું વપરાશ ખૂબ જ વધ્યો છે.જંકફૂનો આકર્ષક દેખાવ ભલામણી જાહેરાત જે બાળકોને તેનો સેવન કરવા પ્રેરે છે.તે ખૂબ જ હાનિકારક અને નુકસાનકારક છે જેની સંપૂર્ણ માહિતી અહીં પ્રસ્તુત કરવામાં આવેલ છે.   આ પ્રોજેકટ રાજય કક્ષાએ પસંદગી પામ્યો છે

## અણહિલ પાટણ શાળા વિકાસ સંકુલ SVS સંયોજક શાળા મોડેલ સ્કૂલ,રજોડા વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન 2023-24 નો અહેવાલ.




જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર અંતર્ગત અણહિલ પાટણ શાળા વિકાસ સંકુલ SVS સંયોજક શાળા મોડેલ સ્કૂલ,રજોડા વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન 2023-24 નો અહેવાલ. પ્રદર્શન સ્થળ : મોડેલ સ્કૂલ,રજોડા,તા. બાવળા,જિલ્લો અમદાવાદ. તારીખ : 04/11/2023 (શનિવાર) આજરોજ શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયના વિષય શિક્ષકોના માર્ગદર્શન હેઠળ માધ્યમિક તેમજ ઉચ્ચ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ પોતાના કૌશલ્ય દર્શાવતી કૃતિઓ રજૂ કરી.

કૃતિ 1 : સ્વાસ્થ્ય

કૃતિનું નામ : રીવર ક્લીનીંગ મશીન

માર્ગદર્શક શિક્ષકનું નામ : જીગર ગજ્જર

ભાગ લેનાર વિદ્યાર્થીઓનું નામ : 1) ધૈર્ય બી.સોલંકી      2) સાર્થક જી.લાખાણી

સ્વાસ્થ્ય એ માનવ જીવનનું એક અગત્યનું પાસું છે.આજના યુગમાં પ્રદુષણ એ એક પડકાર રૂપ સમસ્યા છે.અ પૈકી જળ પ્રદુષણ કે દિવસેને દિવસે વધી રહ્યું છે.જેના થકી માનવ જીવનના સ્વાસ્થ્ય પર તેની માઠી અસર જોવા મળે છે.જળનું સુદ્ધીકરણ એ એક મોટો પડકાર છે.આ બાબતનું નિવારણ કરવા માટે એક યંત્ર વિકસાવવામાં આવ્યું છે જે રીવર ક્લીનીંગ મશીન તરીકે ઓળખાય છે.જેના દ્વારા નદીમાં રહેલો પ્રદુષિત કચરો એક બેલ્ટ મારફતે અલગથી સંગ્રહ થાય છે.જેમાં રહેલા જૈવ વીઘટનીય અને અજૈવ વીઘટનીય કચરાને અલગ કરીને ખેતી રૂપી રસાયણ જયારે પ્લાસ્ટિકના કચરાનું રીસાયકલિંગકરવામાં આવે છે અને તેનો પુન:ઉપયોગ કરી શકાય છે.

કૃતિ 2 : કૃષિ ખેતી

કૃતિનું નામ : પ્લાસ્ટિકના પાયરોલિસિસ સાથે વરસાદના પાણીનું શુદ્ધિકરણ અને કૃષિ કાર્યક્રમમાં ઉપયોગ

માર્ગદર્શક શિક્ષકનું નામ : દીપક સી.વાઘેલા

ભાગ લેનાર વિદ્યાર્થીઓનું નામ : 1) શાહ જૈનમ વાય 2) દેસાઈ દર્શીલ એસ

આપણો ભારત એક કૃષિ પ્રધાન દેશ છે. કચરાના પ્લાસ્ટિકનું પાયરોલિસિસ (કહેવાતું કેમિકલ રિસાયક્લિંગ) એ તેમના ઉપયોગની એક પરિપ્રેક્ષ્ય રીત છે, પરંતુ અંતિમ ઉત્પાદન ગુણધર્મો પ્રક્રિયાઓના ઔદ્યોગિક અગ્રણીનો મુખ્ય મુદ્દો છે. આ પેપરમાં પાયલોટ સ્કેલ પાયરોલિસિસ પ્રક્રિયાની તપાસ કરવામાં આવી છે. કચરો પ્લાસ્ટિક 520 °C તાપમાને ટ્યુબ રિએક્ટરમાં 9.0 કિગ્રાના કલાકદીઠ ફીડ દરનો ઉપયોગ કરીને વિઘટિત કરવામાં આવ્યો. નિસ્યંદન દ્વારા ઉત્પાદનોને ગેસ, ગેસોલિન, હળવા અને ભારે તેલમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. વપરાયેલ પેરામીટરના આધારે 20-48% અને 17-36% ની ઉપજ સાથે પ્લાસ્ટિકના કચરાને ગેસોલિન અને હળવા તેલમાં રૂપાંતરિત કરી શકાય છે. આ વિજ્ઞાન અને ગણિત પ્રદર્શન માં 65 જેટલી વિવિધ શાળાઓની કૃતિઓ અને 130 જેટલા યુવાન વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો.

## "દિવાળી"ની ઉજવણી

મનુષ્ય ઉત્સવ પ્રિય હોય છે. શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયમાં તહેવારોની રાણી "દિવાળી"ની ઉજવણી ગુજરાતી માધ્યમ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં 8-11-2023 બુધવારના રોજ કરવામાં આવી. વિદ્યાર્થીઓ એ સુંદર મજાની રંગોળી કરી હતી. પેપર દ્વારા ફાનસ,તોરણ,દીવડાઓ પંખા ફૂલો તૈયાર કરી લગાડવામાં આવ્યા હતા. આકર્ષક દીવાઓની સજાવટ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ બનાવેલા દિવાળી શુભેચ્છાના ગ્રીટીંગ કાર્ડ શ્રી નારાયણ કલ્ચર મિશનના અધ્યક્ષ શ્રી કે. આર. એસ ધરન સર, જનરલ સેક્રેટરી શ્રી કે એન મુરલીધરન સર અને બીજા ટ્રસ્ટી મેમ્બર્સને આપવામાં આવ્યા. રોજના ટાઈમ ટેબલ મુજબ વર્ગની અંદર વિદ્યાર્થીઓએ તેમના વર્ગ શિક્ષક સાથે અવનવી રમતો રમીને, વિવિધ નાસ્તાઓની ઉજાણી કરીને અને ગમ્મત મત કરીને મઝા માણી. વિદ્યાર્થીઓમાં સંઘ ભાવના કેળવાય અને શાળાની અંદર સામૂહિકતા સાથે સામાજિક તહેવાર એવા દિવાળીની સભ્યતા પૂર્ણ ઉજવણી કરી શકાય એવી સમજ કેળવાઈ. પ્રથમ સત્ર નો અંતિમ દિવસ ખૂબ આનંદ અને ઉત્સાહની સાથે વિતાવ્યો.






## વાર્ષિક મહોત્સવ સૃષ્ટિ-2024(9-01-2024)




શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ દ્વારા તારીખ 9મી જાન્યુઆરી 2024 ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂર્વ પ્રાથમિક વિભાગથી શરૂ કરી ઉચ્ચતરમાધ્યમિક વિભાગ સુધીના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. 'સ્વપ્ન સૃષ્ટિ' એ થીમ ઉપર પૂર્વ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ, 'સ્વયં થી પહેલા સેવા' એ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ, 'કર્તવ્યથી પ્રેરિત શાંતિ અને સમૃદ્ધિ' માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓ દ્વારા આ થીમ આધારિત કાર્યક્રમની રજૂઆત થઈ હતી.સાડા પાંચ વાગે શ્રી નારાયણ કલ્ચરલ મિશનના ઓફિસ બેરીઅર્સ, બોર્ડ ઓફ ટ્રસ્ટીસ, મેનેજમેન્ટ કમિટી મેમ્બર્સ, પધાર્યા હતા અને ત્યારબાદ દીપ પ્રાગટ્ય પ્રાર્થના સાથેકરવામાંઆવ્યુંહતું. આમંત્રિતમહેમાનોનેડાયાસઉપરપધારવાઆમંત્રણઆપવામાં આવ્યું હતું. ત્યારબાદ રાજ્ય પુરસ્કાર પ્રાપ્ત વિદ્યાર્થીઓ અને અન્ય વ્યક્તિઓ દ્વારા મહેમાન શ્રીઓનું સ્વાગત પુષ્પગુચ્છથીકરવામાંઆવ્યુંહતું. સોફાપરબિરાજમાનટ્રસ્ટીશ્રીઓ,વોર્ડ કન્વીનર નું પણ હેડ બોય હેડ ગર્લ અને રાજ્ય પુરસ્કારથી સન્માનિત વિદ્યાર્થીઓ દ્વારા પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું.શ્રી નારાયણ કલ્ચરલ મિશનના અધ્યક્ષ શ્રી કે આર એસ ધરન,ઉપાધ્યક્ષ શ્રી કે સી અશોકન, જનરલ સેક્રેટરી શ્રી કે એન મુરલીધરન, શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ઓઢવ ના પ્રિન્સિપલ શ્રી જગદીપ પટેલ , શ્રી નારાયણ સેન્ટ્રલ સ્કૂલના પ્રિન્સિપલ ડો.સુનિતા સિંગ,અને શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયના આચાર્ય ડો.માધબી પ્રશાંત ભક્ડ ડાયસ ઉપર ઉપસ્થિત થયા હતા. ધરનસર એ પોતાનું ટૂંકું વક્તવ્ય રજૂ કર્યું હતું.ગુજરાતીમાં વક્તવ્ય આપ્યા બાદ તેમણે વિદ્યાર્થીઓની અને શિક્ષકોના કાર્યોની સરાહના કરી હતી.માધબી ભટ્ડ દ્વારા શાળાનો વાર્ષિક અહેવાલ રજૂ થયો હતો અને ત્યારબાદ નેશનલ ચિલ્ડ્રન સાયન્સ ગુજરાત દ્વારા આયોજિત કાર્યક્રમની અંદર પ્રાપ્ત કરેલ સર્ટિફિકેટ અને ઇનામ અકબરી આયુષને ધરનસર દ્વારા દર્શાવી સન્માનિત કરાયા હતા. બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધઈયરનો એવોર્ડ ધર્મીન પારેખને આપવામાં આવ્યો હતો. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત થઈ હતી.હોપઓફધપીસ, મોબાઇલ મેન્યક નાટક, ભારતના વિવિધ પ્રાંતો ની લોકનૃત્યની શૈલી પ્રસ્તુત કરતી રચના અને જેન્ડરઇક્વિટીને અંતે વિશ્વશાંતિનો મંત્ર દર્શાવતી રચના સાથે ગ્રાન્ડ ફિનાલે દ્વારા કાર્યક્રમનું સુખદ સમાપન થયું હતું . વોટ ઓફ થેન્ક્સ અને રાષ્ટ્રગીત બાદ કાર્યક્રમને સંપન્ન જાહેર થયો હતો. ગ્રુપ ફોટો લઇ આ યાદગાર પ્રસંગને આજીવન તસવીરમાં કેદ કરી લેવામાં આવ્યો હતો. આખો જ કાર્યક્રમ રસપ્રદ અને રોચક રહ્યો અને સૌએ એને મન ભરીને માણ્યો હતો

## શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય માં સ્વામી વિવેકાનંદ જયંતિ ની ઉજવણી (12/01/24)




શ્રી નારાયણગુરુ વિદ્યાલય સેકન્ડરી અને હાયર સેકન્ડરી (ગુજરાતી માધ્યમ) માં સ્વામી વિવેકાનંદ સમિતિ,બોપલ દ્વારા સ્વામી વિવેકાનંદ જયંતિ ની ઉજવણી કરવામાં આવી. ધોરણ -9 ની ત્રણ વિદ્યાર્થીનીઓ

(1) કુમાવત ક્રિતિકા

(2) વાળા ચેષ્ટા

(3) કાવ્યા મકવાણા

શૈલેષભાઈ સોમૈયા અને શાળાના સુપરવાઇઝર દ્વારા વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદ વિશેની સુંદર માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદના બે વાક્યો

(1) ઉઠો,જાગો અને ધ્યેયની પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.

(2) All power is within you can do anything and everything believe in that.

જીવનમાં ઉતારવાની શીખ આપવામાં આવી.

## જવાહર નવોદય વિદ્યાલય ખાતે પ્રેરણા ઉત્સવની ઉજવણી! (23.01.24)

23.01.24 ના રોજ, ધોરણ 11કોમર્સ નો તેજસ્વી વિદ્યાર્થી અકબરી આયુષ "Vikshit Bharat@2047" થીમ પર તેના સૂક્ષ્મ ભાષણથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા. અકબરીઆયુષના2047 સુધીમાં વિકસિત ભારતની કલ્પના કરવાના તેના જુસ્સા અને પ્રતિબદ્ધતા માટે બિરદાવીએ! 23.01.24 ના રોજ, ધોરણ -9 ની વિદ્યાર્થીની દેવાંશી સોલંકી એ "Vikshit Bharat@2047" થીમ પર સુંદર ચિત્ર બનાવ્યું અને જેની ઇન્ટરવ્યૂ રાઉન્ડ માટે પસંદગી કરવામાં આવી હતી. દેવાંશીસોલંકીના2047 સુધીમાં વિકસિત ભારતની પરી કલ્પના ને ચિત્ર દ્વારા રજૂ કરવાના તેના પ્રયત્ન ને બિરદાવીએ!




## 26th જાન્યુઆરી ગણતંત્ર દિવસ ની ઉજવણી.

શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ની અંદર 26 જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસની ઉજવણી ઉત્સાહથી કરવામાં આવી હતી. શ્રીઅચલકુમારજોતી (આઈ.એ.એસ. રિટાયર્ડઇલેક્શનકમિશનરઓફઇન્ડિયા ) મુખ્યઅતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શાળાના બેન્ડ સાથે તેમનું સ્વાગત થયું. ધ્વજવંદનતેઓએકર્યું. રાષ્ટ્રગીત,રાષ્ટ્રગાન, દેશપ્રેમ જગાવતા નારા,પરેડ અને હિન્દીમાં પ્રતિજ્ઞા વાંચન ની રજૂઆત થઈ. " ભારત લોકશાહીની જનની

અને વિકસિત ભારત એ ઉજવણીનો મુખ્ય થીમ હતો. શ્રી નારાયના સેન્ટ્રલ સ્કૂલ ના પ્રિન્સિપાલ ડોક્ટર સુનીતા સિંઘ દ્વારા આવકાર પ્રવચન થયુ. મુખ્ય અતિથિ દ્વારા વર્તમાન સંદર્ભે ભારતની પરિસ્થિતિ અને વિકસિતતા તરફ પ્રયાણ, યુવાનોને પ્રેરિત વિકસિતતાના માર્ગો,ભારતના સાંસ્કૃતિક વારસાઓ, ભૂતકાળની અને વર્તમાન સમયની રાજકારણની નીતિ, ચૂંટણી પ્રક્રિયા જેવા વિષયો સાંકળી લઇ પોતાનું વક્તવ્ય રજૂ કર્યું. વિદ્યાર્થીઓએ યોગ પિરામિડ અને એક્સરસાઇઝથી શરૂ કરી દેશભક્તિ ગીતઅનેદેશભક્તિનૃત્યરજૂકર્યા. વિવિધ ક્ષેત્રોમાં ભાગ લઈ જિલ્લાકક્ષાએ, રાજ્ય કક્ષાએ,અભ્યાસલક્ષી પ્રવૃત્તિઓ ઈતર પ્રવૃત્તિઓ અને રમતગમતની પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહી ટ્રોફી અને મેડલ્સ મેળવનાર વિદ્યાર્થીઓનું શાળાએ સન્માન કર્યું હતું. વાંચનપ્રત્યેનીઅભિરુચિકેળવતીસ્પર્ધા'વાંચે એસ એન જી વી' વર્ષ દરમિયાન યોજાઇ હતી.એમાં દરેક ધોરણ મુજબ શ્રેષ્ઠ વાચક તરીકે પસંદગી પામનાર વિદ્યાર્થીઓનું શાળાએ સર્ટીફીકેટ અને પ્રાઇઝ આપીસન્માનકર્યુંહતું. આભારવિધિશ્રીનારાયનાકોલેજઓફકોમર્સનાપ્રિન્સિપાલડોક્ટરજીગ્નેશકૌંગલદ્વારાથઈહતી. દેશપ્રેમજગાવતુકાવ્યરજૂકરીકાર્યક્રમનેસંપન્નઘોષિતકરવામાંઆવ્યોહતો .આકાર્યક્રમ વિદ્યાર્થીઓ,વાલીઓ અને ઉપસ્થિત સૌએ ખૂબ આનંદથી અને ઉત્સાહથી માણ્યો હતો.

## શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય માં ધોરણ -10 ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા એક પર્વની ઉજવણી.(15-2-2024)


શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયમાં પરીક્ષા એક પર્વ કાર્યક્રમ યોજાયો

શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયના ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં તણાવ મુક્ત રહી શકાય અને યોગ્ય રીતે પરીક્ષા આપી શકાય તે માટે પરીક્ષા એક પર્વ સેમિનાર યોજાયો જેમાં પરીક્ષા પહેલાની છેલ્લી મિનિટની ટિપ્સ, માઈન્ડફુલનેસ એક્સરસાઈઝ,પરામર્શ સત્ર,નિયમિત ધ્યાન કરી હંમેશા તણાવમુક્ત રહેવાની યુક્તિ શીખવી હતી.


શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ ના ધોરણ-**10** ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં તણાવ મુક્ત રહી શકાય અને યોગ્ય રીતે પરીક્ષા આપી શકાય.તેનો સેમિનાર શાળાના કાઉન્સિલર શ્રી પારુલ પટેલ , સેકન્ડરી અને હાયર સેકન્ડરી ઇન્ચાર્જ ઉમેશસર અને બીજા શિક્ષકો દ્વારા પરીક્ષા પહેલાની છેલ્લી મિનિટની ટીપ્સ, માઇન્ડફુલનેસ એક્સરસાઇઝ,પરામર્શ સત્ર,નિયમિત ધ્યાન કરી હંમેશા તણાવમુક્ત રહેવાની યુકિત વગેરે જેવી બાબતો શીખવવામાં આવી.

## પરીક્ષાપે ચર્ચા નો કાર્યક્રમ (29-01-2024)




શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયમાં ભારત ના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પરીક્ષાપે ચર્ચા નો કાર્યક્રમનું પ્રસારણ લાયબ્રેરીની અંદર બેસી નિહાળવામાં આવ્યું. વિધાર્થીઓ, શિક્ષકો, આચાર્ય ડૉ. માધબી ભટ્ટ, હાજર રહ્યા હતા.**11:00** વાગ્યે કાર્યક્રમ શરુ થયો હતો. અંત સુધી પરીક્ષા સંદર્ભે આખા ભારતમાંથી વિવિધ રાજ્યના વિદ્યાર્થીઓએ પૂછેલા પ્રશ્નોનો ઉત્તર મોદી સાહેબે આપ્યો તે સૌએ સાંભળ્યો. અને સમજવાનો પ્રયાસ કર્યો.

## માતૃભાષા દિવસની ઉજવણી.(21-2-2024)




નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમમાં માતૃભાષા દિવસની ઉજવણી.21-2-2024 ના રોજ શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ગુજરાતી માધ્યમ સેકન્ડરી હાયર સેકન્ડરી વિભાગમાં માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ધોરણ 9અ,બ અને 11 કોમર્સ ના વિદ્યાર્થીઓ એ આઠમા તાસમાં લાઇબ્રેરીમાં બેસાડવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ માતૃભાષા સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા. શિક્ષકોએ પણ કવિતા, વાર્તા,દોહા ને માતૃભાષમા રજૂ કર્યા હતા. માતૃભાષા નું મહત્વ સમજાવતું વક્તવ્ય ઈન્ચાર્જ ઉમેશ પટેલ એ રજૂ કર્યું હતું. વિદ્યાર્થીઓમાં માતૃભાષા પ્રત્યે  રસ અને  જાગૃતતા કેળવવાનો પ્રયાસ સુંદર અને સફળ રહ્યો હતો.

## સાયન્સ ફેર (27-2-2014)




શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ 2024 ની ઉજવણી, ભવિષ્ય માટે ટકાઉ વિકાસ અને વિકસીત ભારત માટે સ્વદેશી તકનીકી થીમ પર.  વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાન, ગણિત અને સામાજિક વિજ્ઞાનના 200 વર્કિંગ મોડલનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને સર્જનાત્મક યુવાનો માટે આઈડિયા સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.   આ કાર્યક્રમમાં લગભગ 500 થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

મેનેજમેન્ટ, વાલીઓ, શિક્ષકોએ વિદ્યાર્થીઓના અદભૂત પ્રતિભાવ અને ઉત્કૃષ્ટ પ્રદર્શનની પ્રશંસા કરી.ગેસ્ટ જજ શ્રી મુકેશ ઓતિયા, કેમેસ્ટ્રી ફેકલ્ટી હતા.

**Farewell & Blessing ceremony(5-03-2024)**




શ્રી નારાયણગુરૂ વિદ્યાલય ખાતે ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો.

શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય છેલ્લા ઘણા વર્ષોથી 100 % પરિણામ મેળવતી સફળ સંસ્થા છે. આ સંસ્થાના ધોરણ 10-12 ના વર્ષ 2023- 24 ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો જેમાં શ્રી નારાયણ ગુરુ કલ્ચરલ મિશનના પ્રેસિડેન્ટ શ્રી KRS Dharan, સેક્રેટરી શ્રી K.N. Murlidharn ,ટ્રસ્ટી મેમ્બર્સ, CBSE school naપ્રિન્સિપાલ શ્રી

Dr.Sunita Singh, નારાયણ ગુરુ વિદ્યાલય ના પ્રિન્સિપાલ Dr. MADHBI BHATTAD, ગુજરાતી માધ્યમના ઇન્ચાર્જ Umesh Sir અને બધા વિષય શિક્ષકો હાજર રહી વિદ્યાર્થીઓનો All the Best Programઅને શાળા દ્વારા યાદગીરી રૂપે સ્મૃતિ ચિન્હ ( મોમેન્ટો) આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો. ધોરણ 9 અને 11 ના વિદ્યાર્થીઓ દ્વારા આ વિદાય સમારંભ માં ડાન્સ અને વિવિધ પ્રવૃત્તિઓ કરી ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓને પરીક્ષાના ભારથી મુક્ત કરવામાં મદદ મળી. ધોરણ 10 ના વિદ્યાર્થીઓને ફોલ્ડર,પેન અને પેન્સિલ, રબર અને સ્કેલ નું શાળા દ્વારા વિતરણ કરવામાં આવ્યું.ઉપસ્થિત તમામ મહાનુભાવો એ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તેવું વક્તવ્ય આપ્યું અને તેમનું મનોબળ વધે જેથી બોર્ડની એક્ઝામ સારી રીતે પાસ કરી શકે.Work is Worship ના મંત્રને જીવનમાં ઉતારવાની શિખ આપવામાં આવી. ચાર વિદ્યાર્થીઓએ શાળામાં જુનિયર કેજી થી દાખલ થયા ત્યાંથી ધોરણ 12 સુધીના પોતાના તમામ અનુભવો વિદ્યાર્થીઓ સાથે શેર કર્યા.




2023-24 શૈક્ષણિક વર્ષના ભવ્ય સમાપનને પ્રતિબિંબિત કરતા, અમે SNCM ખાતે ગર્વપૂર્વક SNGV, SNCS અને SNCC ખાતે સમાપન સત્રનું આયોજન કર્યું, જે શીખવાની અને વૃદ્ધિની એક અદ્ભુત સફરને ચિહ્નિત કરે છે. પ્રસંગની શરૂઆત હૃદયપૂર્વકની પ્રાર્થના સાથે થઈ, જે પ્રશંસા અને ઉજવણીથી ભરેલી સવારનો સૂર સેટ કરે છે. SNGV, SNCS અને SNCC ના પ્રતિભાશાળી શિક્ષકો દ્વારા પ્રસ્તુત એક સમૃદ્ધ સાંસ્કૃતિક ઉત્કૃષ્ટતા માટે સ્ટેજ સેટ કરીને, SNCM મેનેજમેન્ટનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. આત્માપૂર્ણ ગાયનથી લઈને મનમોહક નૃત્ય પ્રદર્શન અને છટાદાર કવિતાના પઠન સુધી, દરેક ક્ષણ આપણા શૈક્ષણિક સમુદાયની જીવંત ભાવનાનો પુરાવો હતો.

આ કાર્યક્રમની વિશેષતા એ SNCM ના માનનીય પ્રમુખ શ્રી KRS ધરન દ્વારા આપવામાં આવેલ અદભૂત ભાષણ હતું, જેમણે અમારા સમર્પિત શિક્ષકોને તેમની શ્રેષ્ઠતા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા માટે પ્રશંસા કરી હતી.

અમારી આદરણીય સંસ્થાઓના આચાર્યો, SNGVના ડૉ. માધાબી પ્રશાંત ભટ્ટડ, SNCSના ડૉ. સુનિતા સિંઘ, અને SNCCના ડૉ. જિજ્ઞેશ કૌંગલ, SNGV ઓઢવના શ્રી જગદિપ પટેલે, અમારા સર્વગ્રાહી અભિગમ પર ભાર મૂકતા, તેમના સૂક્ષ્મ વક્તવ્યો દ્વારા પ્રસંગને શોભાવ્યો. શિક્ષણ, અમારા ઉચ્ચ લાયકાત ધરાવતા ફેકલ્ટી અને અત્યાધુનિક સુવિધાઓ દ્વારા સમર્થિત. અમે અમારી સંસ્થાના બે દિગ્ગજ, SNGV GM ના વાઇસ પ્રિન્સિપાલ શ્રીમતી નલિની નામ્બિયાર અને SNGV E.M ના હેડ મિસ્ટ્રેસ શ્રીમતી ઉષા મોહન, જેઓ કૃપા અને કૃતજ્ઞતા સાથે નિવૃત્ત થયા હતા તેમને વિદાય આપતાં મિશ્ર લાગણીઓની એક કૃષણ ઊભી થઈ. તેમના યોગદાનને સાથીદારો અને સ્ટાફ દ્વારા શેર કરાયેલ કૃતજ્ઞતાના હૃદયપૂર્વકના શબ્દો અને પ્રિય યાદો સાથે ઉજવવામાં આવ્યા હતા.

પ્રશંસાના અભિવ્યક્તિઓ હવામાં ભરાઈ ગઈ કારણ કે સ્ટાફ સભ્યોને તેમની સખત મહેનત અને સમર્પણ માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. 350 થી વધુ સ્ટાફની હાજરી સાથે, આ ઇવેન્ટ અમારા સમુદાયની શક્તિ અને એકતાનો સાચો પુરાવો હતો. જેમ જેમ ઇવેન્ટ સમાપ્ત થઈ, અભિવ્યક્તિના શબ્દો વાતાવરણ માં ફેલાઈ ગયા, જેમાં સામેલ દરેક વ્યક્તિના સમર્પણ અને સખત મહેનત માટે સામૂહિક પ્રશંસાનો પડઘો પડ્યો.

અંતમાં, જનરલ સેક્રેટરી શ્રી કે એન મુરલીધરને નવા નિયુક્ત સભ્યો અને સન્માનિત સ્ટાફને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા, જ્યારે નિવૃત્તોને કૃતજ્ઞતા સાથે વિદાય આપી હતી અને તેમના ભાવિ પ્રયાસો માટે શુભેચ્છાઓ પાઠવી હતી. SNGV EM ના સુપરવાઈઝર, શ્રીમતી શીના અનિલ દ્વારા હૃદયપૂર્વકના આભારના મતે, ઔપચારિક કાર્યવાહી પૂર્ણ કરી, ત્યારબાદ તમામ ઉપસ્થિતો માટે એક આનંદકારક લંચ, સૌહાર્દ અને સહાનુભૂતિને પ્રોત્સાહન આપ્યું.

SNCM ગ્રૂપ ઑફ સ્કૂલ્સમાં પ્રેરણાદાયી શિક્ષણ અને અમર્યાદ શક્યતાઓનું બીજું વર્ષ અહીં છે!

**'ટકાઉ વિકાસ અને વિકસીત ભારત માટે સ્વદેશી ટેકનોલોજી' વિષય પર પ્રોજેક્ટ ડિસપ્લે**



શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ભવિષ્ય માટે ટકાઉ વિકાસ અને વિકસીત ભારત માટે સ્વદેશી ટેકનોલોજી વિષય પર વિજ્ઞાન, ગણિત અને સામાજિક વિજ્ઞાનના ૨૦૦થી વધુ મોડલ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

**શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો**



જોધપુર ટેકરા વિસ્તારમાં આવેલી શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો, જેમાં અન્ય ધોરણના વિદ્યાર્થીઓએ ડાન્સ અને અન્ય વિવિધ એક્ટિવિટી કરી હતી.

**ગણિત-વિજ્ઞાન, આર્ટ અને ક્રાફ્ટનું પ્રદર્શન**



શ્રી નારાયણ ગુરુ વિદ્યાલય ખાતે ગણિત અને વિજ્ઞાન તથા આર્ટ અને ક્રાફ્ટ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ચિત્રો અને ગમ્મત સાથે ગણિતનું જ્ઞાન મળી રહે તેવા પ્રોજેક્ટનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

**સૃષ્ટિ-૨૦૨૪: શાળાના વાર્ષિક કાર્યક્રમ**



સેટેલાઇટ ખાતે આવેલી શ્રી નારાયણ ગુરુ વિદ્યાલયના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓ દ્વારા વાર્ષિક કાર્યક્રમ સૃષ્ટિ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું.

**નારાયણ ગુરુ વિદ્યાલયમાં વાર્ષિક મહોત્સવ**



નારાયણ ગુરુ વિદ્યાલયમાં ગુજરાતી માધ્યમનો વાર્ષિક મહોત્સવ ઉજવાયો હતો જેમાં બાળકોઓ આર્મી થીમ પર વિવિધ ડાન્સ રજૂ કર્યા હતા.

**શ્રી નારાયણગુરુ વિદ્યાલયમાં આઇડિયા કોન્ટેસ્ટ યોજાઈ**



શ્રી નારાયણગુરુ વિદ્યાલયમાં આઈડિયા કોન્ટેસ્ટ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ પોતાના ક્રિએટિવ આઈડિયા અને સોશિયલ પ્રોબ્લેમ્સ કેવી રીતે દૂર કરવા તે અંગે વાત કરી હતી.

## BOARD RESULT

